ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૦૯/૦૭/૨૦૧૯

**અધિસુચના:-**

**ક્રમાંક: મકમ-૧૦૨૦૧૯-જી.પી.એસ.સી.-૧૦(પા.ફા.-૦૨)-છ**

ગુજરાત જાહેર સેવા આયોગ તરફથી જા.ક્ર. ૫૧/૨૦૧૭-૧૮ અન્વયે લેક્ચરર, રચના શારીર, વર્ગ-૨ની જગ્યા ઉપર સીધી ભરતીથી નિમણૂક માટે પસંદગી પામેલ કુલ-૭ ઉમેદવારોને નિમણૂક આપવા માટે ભલામણ કરવામાં આવેલ છે. જે અન્વયે નીચેના પત્રકના કોલમ નં-૩ માં દર્શાવેલ ઉમેદવારને લેક્ચરર, રચના શારીર, વર્ગ-૨ સંવર્ગમાં તેઓના નામની સામેના કોલમ-૫ માં દર્શાવેલ જગ્યા પર તેઓ હાજર થાય તે તારીખથી બે વર્ષના સમયગાળા માટે અજમાયશી ધોરણે ROP-૨૦૧૬ મુજબ રૂ.૫૬,૧૦૦/- થી રૂ.૧,૭૭,૫૦૦/- (પે મેટ્રીક્ષમાં ગ્રેડ પે આધારિત લેવલ-૧૦)[ ROP-૨૦૦૯ મુજબ (રૂા.૯૩૦૦-૩૪૮૦૦, ગ્રેડ પે-૫૪૦૦)] મુજબના મૂળ પગાર ધોરણમાં નાણા વિભાગ, ગુજરાત રાજ્યના પ્રવર્તમાન ઠરાવો, પરિપત્રો, નીતિ-નિયમો અને તેમાં વખતો-વખત થતા સુધારા મુજબના મળવાપાત્ર ભથ્થાઓ સાથે નીચેની શરતોને આધિન સીધી ભરતીથી નિમણૂક આપવામાં આવે છે.

**પત્રક-અ**

| ક્રમ | મેરીટ નં. | ઉમેદવારનું નામ અને સરનામું | કેટેગરી | નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| 1 | 1 | **Vd.DIPAKKUMAR JAYANTKUMAR SHRIMALI**<br>NR.MOCHI GATE,<br>JHALOD, TA-JHALOD,<br>DIST-DAHOD<br>PIN-389170 | SC | સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડોદરા |
| 2 | 2 | **Vd.NISHI MAHENDRA KUMAR JAIN**<br>Q NO-5, BHAIRUN BAGH,<br>JODHPUAR,<br>RAJASTHAN-342001 | General | સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, અમદાવાદ |
| 3 | 3 | **Vd.ARPITHA PRASAD SHETTY**<br>J. S. AYURVEDA CAMPUS<br>NADIAD<br>KHEDA-387001 | General | સરકારી અખંડાનંદ આયુર્વેદ કોલેજ, અમદાવાદ |
| 4 | 4 | **Vd.ISHWAR GUNWANT TAGALPALLEWAR**<br>G. J. PATEL AYURVEDA COLLEGE,<br>A.D.I.T. CAMPUS, NEW VV NAGAR, ANAND-388121 | General | સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર |

| ક્રમ | મેરીટ નં. | ઉમેદવારનું નામ અને સરનામું | કેટેગરી | નિમણૂકનું સ્થળ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| 5 | 5 | **Vd.ARPITA NITESH VYAS MATHUR**<br>C/O VIRENDRA CHOBISA,<br>PLOT NO-4, CHOBISA STREET,<br>OUTSIDE CHANDPOLE, JADA GANESHJI,<br>UDAIPUR, RAJASTHAN- 313001 | General | સ્ટેટ મોડેલ સરકારી આયુર્વેદ કોલેજ, કોલવડા |
| 6 | 6 | **Vd.YOGESHKUMAR RUPSINGHBHAI VASAVA**<br>105, CHRISTIAN SOCIETY<br>VIDHYANAGAR,<br>BHAVANAGAR-364001 | ST | સરકારી આયુર્વેદ કોલેજ, ભાવનગર |
| 7 | 7 | **Vd.JIGNESH BHAGVANJIBHAI CHAUHAN**<br>31, PUSHTI SHREE HARI NAGAR BANGLOWS<br>NEERA NAGAR MAIN ROAD,<br>BEHIND SARDAR BAUG<br>JUNAGADH-362001 | SEBC | સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, જુનાગઢ |

## શરતો:

૦૧. આ નિમણૂક ઉમેદવારનો પોલીસ વેરીફીકેશનનો રીપોર્ટ વાંધાજનક ન આવવાની શરતે આપવામાં આવે છે. આ રીપોર્ટ યોગ્ય ન આવવાના સંજોગોમાં આ નિમણૂક રદ થઇ શકશે.

૦૨. ઉક્ત ઉમેદવારોને તેમના અનુભવના પ્રમાણપત્રો ભવિષ્યમાં ખોટા જણાઈ આવે તો તેમની નિમણૂક તાત્કાલિક અસરથી રદ કરવાની અને સરકારશ્રીના નિર્ધારિત નીતિ નિયમો, જોગવાઇઓને આધીન શિક્ષાત્મક પગલા લેવામાં આવશે.

૦૩. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિભાગને મોકલી આપેલ ભલામણ પત્રમાં પ્રસ્તુત ભરતીમાં નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ **SCA No.23177/2017, SCA No.1131/2018, SCA No.1133/2018 , SCA No.1134/2018** અને અન્ય આનુષંગિક પીટીશનોના આખરી ચૂકાદાને આધિન વિભાગને ભલામણ કરેલ છે. તદનુસાર ઉમેદવારોના સદરહુ કોર્ટ કેસો તેમજ પ્રસ્તુત ભરતી સાથે સંલગ્ન અન્ય કેસોના આખરી ચૂકાદાઓને આધિન તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણે આપવામાં આવે છે.

૦૪. સામાન્ય વહીવટ વિભાગની એડહોક અંગેની નીતિ અંગેના તા.૨૭/૦૮/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક.પીએસસી/૧૦૮૯/૧૩૪૨/ગ.૨ ના શરત નં.૯ મુજબ “ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ભવિષ્યમાં આ જગાની સીધી ભરતીથી નિમણૂક માટે જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે ત્યારે ઉમેદવારે અવષ્ય અરજી કરવાની રહેશે. જો ઉમેદવાર અરજી નહીં કરે અથવા તો જે તે ભરતી સંસ્થા દ્વારા પસંદગી નહીં પામે તો કોઈપણ પ્રકારની નોટીસ આપ્યા સિવાય તેમની એડહોક નિમણૂકનો અંત લાવવામાં આવશે.” તેવી સ્વયંસ્પષ્ટ જોગવાઈ છે.

૦૫. જેથી ઉક્ત મુદ્દા નં.૦૪ માં જણાવ્યા અનુસાર હાલ જા.ક્ર.૫૧/૨૦૧૭-૧૮ રચના શારીર વિષયમાં લેક્ચરર, સામાન્ય આયુર્વેદ સેવા, વર્ગ-૨ અન્વયે જ્યારે નિમણૂકના હુકમો પ્રસિદ્ધ કરવામાં આવે ત્યારે ઉક્ત **મુદ્દા નં.૦૪ મુજબની એડહોક નીતિ મુજબ જે ઉમેદવારે અરજી કરેલ ન હોય અથવા તો ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પસંદગી પામેલ નથી તેવા હાલમાં ગુજરાત રાજ્યની વિવિધ સરકારી આયુર્વેદ કોલેજોમાં એડહોક ધોરણે રચના શારીર વિષયમાં લેક્ચરર**

**તરીકે ફરજો બજાવતા એડહોક કર્મચારીઓ/અધિકારીઓ જો કોઈ હોય તો તેઓની સેવાઓ સમાપ્ત ગણવાની રહેશે અને તે અંગેના અલગથી હુકમો ખાતાના વડા, નિયામકશ્રી(આયુષ) દ્વારા કરવાના રહેશે.**

૦૬. ઉમેદવારોએ સૌ પ્રથમ તેમની નિમણૂકની કોલેજને સંબંધિત આચાર્યશ્રી સમક્ષ હાજર થવાનું રહેશે.

૦૭. સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૦૭/૧૯૯૦ના પરિપત્ર ક્રમાંક:સીઆરઆર/૧૦૯૦/૧૫૧૫/ગ, ના ફકરા-૨ માં સુચવ્યા મુજબ સંબંધિત ઉમેદવારોએ આ જગ્યાના ભરતી નિયમો અનુસારની શૈક્ષણિક લાયકાત અને અનુભવ, ઉંમર, નાગરિકતા, જ્ઞાતિ(કેટેગરી) વગેરે બાબતોની જોગવાઈ સંતોષે છે કે કેમ? તે અંગેના અસલ પ્રમાણ પત્રોની ચકાસણી આ વિભાગ કક્ષાએથી કરવામાં આવેલ છે. આમ છતાં, ઉમેદવારે લાગુ પડતી જગ્યાએ જેમની સમક્ષ હાજર થવાનું છે તેમની સમક્ષ, એટલે કે સંબધિત કોલેજના આચાર્યશ્રીની કક્ષાએ પણ આવી ચકાસણી કરવાની રહેશે.

૦૮. સંબંધિત આ હુકમની તારીખથી એક માસની અંદર પત્રક-અ માં દર્શાવ્યા મુજબના નિમણૂકના સ્થળે હાજર થવાનું રહેશે. હાજર થવા માટેની સમય મર્યાદા લંબાવવામાં આવશે નહીં. જો નિયત સમય મર્યાદામાં હાજર થવામાં તેઓ નિષ્ફળ જશે તો, તેઓ તેમના મેરીટ ક્રમ મુજબની તેમની પ્રવરતા ગુમાવશે. કાબુ બહારના સંજોગોમાં આ સમય-મર્યાદા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા લંબાવવામાં આવી હોય તે સિવાય નિયત સમય-મર્યાદામાં હાજર થવામાં નહીં આવે તો આ હુકમ આપો આપ રદ થયેલ ગણાશે.

૦૯. આ ઉમેદવારોએ પૂર્ણ સમયની લેક્ચરર, રચના શારીર, વર્ગ-૨ તરીકેની ફરજો બજાવવાની રહેશે. ઉપરાંત તેઓને આ વિભાગ અને નિયામકશ્રી, આયુષ(આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની, સિદ્ધા અને હોમિયોપેથી)ની કચેરી, ગાંધીનગર દ્વારા સોંપવામાં આવતી તેમજ સમયાંતરે તેમના જોબ ચાર્ટમાં કરવામાં આવતા ફેરફારો મુજબની કામગીરી અને ફરજો બજાવવાની રહેશે.

૧૦. તેઓની નોકરીની અન્ય શરતો દા.ત. શિસ્ત વર્તણૂંક, પગાર, ભથ્થાઓ, પેશગીઓ, એન.પી.એ.(નોન પ્રેક્ટીસીંગ એલાઉન્સ) વગેરે બાબતોમાં સરકારે વખતો વખત નક્કી કરે તે મુજબના હુકમો, ઠરાવો, પરિપત્રો અને નીતિ-નિયમોને આધિન રહેશે.

૧૧. જે ઉમેદવારો હાલ રાજ્ય સરકારની સેવામાં ફરજો બજાવતા હોય કે ફ્રેશ ઉમેદવાર તરીકે નવી નિમણૂંક મેળવતા હોય તેમણે પણ આ હુકમો અન્વયે હાજર થવાની તારીખે સી.ટી.સી. ફરજીયાત પણે ભરવાનું રહેશે અને જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો ભવિષ્યમાં ઉભા થતા વહીવટી પ્રશ્નો અંગે જે તે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે અને આ અંગેની તેમની કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં. આથી હાજર કરનાર સક્ષમ સત્તાધિકારીએ પણ સંબધિત ઉમેદવારોના હાજર થયાના સી.ટી.સી. ફરજીયાત પણે ભરવાના રહેશે અને તેની નોંધ તેમની સેવાપોથીમાં પણ કરવાની રહેશે.

૧૨. સંબંધિત ઉમેદવારોએ સામાન્ય વહીવટ વિભાગના વખતોવખતના ઠરાવો/હુકમોની જોગવાઇઓ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ તરફથી મેળવવાના રહેતા સ્ટેન્ડીંગ મેડીકલ એક્ઝામીનેશન બોર્ડના શારીરિક યોગ્યતાના પ્રમાણપત્ર અંગેના અહેવાલ/પ્રમાણપત્ર, ચારિત્ર્ય અને પૂર્વવૃતાંત અંગેના પોલીસ તપાસ અહેવાલમાં કોઇ વાંધાજનક બાબત નહીં હોવાની શરતને આધીન રહેશે

અને જો તેમના તબીબી પ્રમાણપત્રમાં કે તેમના ચારિત્ર્ય અને પૂર્વવૃતાંત અંગેના અહેવાલમાં કોઈ વિરુધ્ધ કે વાંધાજનક બાબત જણાશે તો તેમની સેવાનો તાત્કાલીક અસરથી કોઈ પણ પ્રકારની નોટીસ આપ્યા વગર અંત લાવવામાં આવશે.

૧૩. ઉમેદવારને તેમને સંબંધિત મેડીકલ બોર્ડ સમક્ષ ઉપસ્થિત કરાવવાની જવાબદારી સંબંધિત કોલેજના આચાર્યશ્રીની રહેશે. જે ઉમેદવાર હાલ ગુજરાત સરકારની નોકરીમાં હોય અને મૂળ નિમણૂક મેળવતી વખતે સ્ટેન્ડીંગ મેડીકલ એક્ઝામીનેશન બોર્ડ સમક્ષ ઉપસ્થિત થઈને તબીબી અને શારીરિક યોગ્યતા અંગેનું પ્રમાણપત્ર મેળવીને સરકારમાં રજૂ કરેલ હોય તો તેમણે ફરીવાર તપાસ કરાવવાની રહેશે અને આ તપાસ માટે સ્ટેન્ડીંગ મેડીકલ એક્ઝામીનેશન બોર્ડ સમક્ષ ઉપસ્થિત થવાનું રહેશે અને મેળવેલ પ્રમાણપત્રની સુવાચ્ય પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલ આ વિભાગને નિયામકશ્રી, આયુષની કચેરી મારફતે સંબંધિત આચાર્યશ્રીએ વિના વિલંબે મોકલી આપવાની રહેશે. આ ઉપરાંત સંબધિત કચેરીએ ઉમેદવારની સેવાપોથીમાં પણ તેની એક નકલ રાખી જરૂરી નોંધ કરવાની રહેશે.

૧૪. આ ઉમેદવારોએ ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્ય, અમદાવાદ ખાતે રજીસ્ટ્રેશન કરાવવાનુ રહેશે, અને સમયાંતરે રજીસ્ટ્રેશન રીન્યુ પણ કરાવવાનુ રહેશે.

૧૫. આ ઉમેદવારોએ હાજર થતાં પહેલાં સંબધિત કોલેજના આચાર્યશ્રી સમક્ષ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩-૧૨-૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક:-સીડીઆર-૧૧૮૯-યુ.ઓ.-૨૨૪૪-ગ.૨ મુજબ સોગંદ લેવાના રહેશે. ઉમેદવારોએ આ અંગેના સોગંદ લીધેલ છે કે કેમ? તેની ચકાસણી સંબધિત કોલેજના આચાર્યશ્રીએ કરવાની રહેશે.

૧૬. આ ઉમેદવારોએ જે તે સમયે અમલમાં હોય તેવા સરકારી નિયમાનુસારની નિયત કરેલ પૂર્વ સેવા તાલીમ મેળવીને તેની તાલીમાંત પરીક્ષા તેમજ ખાતાકીય પરીક્ષા, જો કોઇ હોય તો તે તેમજ ગુજરાતી અને/અથવા હિંદી ભાષાની પરીક્ષા અજમાયશી સમય દરમ્યાન પાસ કરવાની રહેશે. જો તેમ કરવામાં તેઓ નિષ્ફળ જશે તો તેઓની સેવાઓ પર તેની નિયમાનુસાર અસર પડશે.

૧૭. આ ઉમેદવારોએ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઓછામાં ઓછી પાંચ વર્ષની સેવા બજાવવાની રહેશે અને તે મતલબનું નિયત નમૂનામાં સિક્યુરીટી અને સ્યોરિટી બોન્ડ ઉમેદવારે હાજર થતાં પહેલા સંબંધિત કોલેજના આચાર્યશ્રી સમક્ષ રજૂ કરવાનું રહેશે.

૧૮. આ ઉમેદવારોએ લેક્ચરર, વર્ગ- ૨ તરીકે હવાલો સંભાળે તે તારીખથી માંડીને બે વર્ષ સુધીના અજમાયશી ગાળાના દરેક વર્ષ માટે તેમની કામગીરીનો ખ્યાલ આપતો વાર્ષિક મુલ્યાંકન અહેવાલ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૯/૦૬/૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક:પીઆરઓ/૧૦૮૬/૫૦૬૮/ગ.૨ માં નિયત કરાયેલ નમૂનામાં બે નકલમાં સંબંધિત અધિકારીએ લખીને નિયામકશ્રી, આયુષની કચેરીને અચૂક મોકલવાના રહેશે અને નિયામકશ્રી, આયુષ(આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની, સિદ્ધા અને હોમિયોપેથી)ની કચેરી દ્વારા મૂલ્યાંકન અહેવાલની સક્ષમ કક્ષાએથી જરૂરી ચકાસણી કરવાની રહેશે. તે ઉપરાંત સંબંધિત અધિકારીએ સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૩/૧૯૮૯ ના પરિપત્ર ક્રમાંક: પીઆરઓ-૧૦૮૮-૧૭૦૯-ગ.૨ અન્વયે આપેલ માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.

૧૯. અજમાયશી સમય દરમ્યાન કામગીરી અંગે ઉપરી અધિકારીઓએ મોકલેલ મુલ્યાંકન અહેવાલના આધારે જો તેમની કામગીરી સંતોષકારક નહીં જણાય તો કોઇ પણ જાતની નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી ઉમેદવારની સેવાનો અંત લાવવામાં આવશે, જે અંગે અલગ હુકમો કરવામાં આવશે. અજમાયશી સમય દરમ્યાનની સેવા તદ્દન હંગામી ધોરણની ગણાશે.

૨૦. આ ઉમેદવારો દ્વારા બે વર્ષનો અજમાયશી સમયગાળો સંતોષકારક રીતે પૂર્ણ કર્યા બાદ લેક્ચરર, રચના શારીર, વર્ગ-૨ની જગ્યા પર લાંબાગાળાના ધોરણે તેઓને નિયુક્તિ આપવા વિચારણા કરવામાં આવશે.

૨૧. આ ઉમેદવારોએ જો એક વર્ષની સરકારી સેવા દરમ્યાન રાજીનામું આપવા માંગતા હશે તો, તેવા કિસ્સામાં સાત દિવસની નોટિસ અને એક વર્ષથી વધુ સરકારી સેવા કરી હોય તેમના કિસ્સામાં એક માસની નોટિસ આપીને અથવા નોટિસ પગાર સરકારમાં જમા કરાવીને સરકારી સેવામાંથી રાજીનામું આપી શકશે. આ રાજીનામું નિયામકશ્રીની કચેરી મારફત આ વિભાગને રજી.પોસ્ટ એ.ડી.થી મોકલવાનું રહેશે ફરજના સ્થળના ઉપરી અધિકારીને પણ આપવાની રહેશે.

૨૨. આ ઉમેદવારોની નિમણૂક બદલીને પાત્ર છે અને સરકારને જરૂર જણાયે ગુજરાત રાજ્યમાં આવેલ કોઇ પણ સ્થળે તેમની બદલી કરવામાં આવશે.

૨૩. નિમણૂક મેળવેલ ઉમેદવાર દ્વારા તેમની સેવા વિષયક બાબતો ખાસ કરીને બદલી અને નિમણૂકને લગતી બાબતમાં રાજકીય અથવા અન્ય વગ/દબાણ લાવવાની પ્રવૃત્તિ કરવામાં આવશે તો આ બાબતની ગંભીરતા પૂર્વકની નોંધ લઈ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૪/૦૭/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક.ખહલ/૧૦૯૭/૬૧૩/ક મુજબ નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૨૪. સંબધિત ઉમેદવારોના કેસમાં અજમાયશી સમય બાબતે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વખતોવખત નિયત થયેલ માર્ગદર્શક સિદ્ધાંતો લાગુ પડશે.

૨૫. સંબધિત ઉમેદવારોને અજમાયશી સમય દરમ્યાન કોઇપણ પ્રકારના ઇજાફા મળવાપાત્ર થશે નહીં, કે અજમાયશી સમય દરમ્યાન કોઇપણ રજા કે તાલીમ લીધેલ હશે કે કોઇ અન્ય સ્થળ કે સંસ્થા ખાતે પ્રતિનિયુક્તિથી ફરજો બજાવેલ હશે તેટલો સમયનો અજમાયશી સમયગાળો લંબાવવાનો રહેશે અને ત્યારબાદ જ લાંબાગાળાના ધોરણે ચાલુ રાખતા હુકમો કરવામાં આવશે.

૨૬. આ ઉમેદવારોએ નિમણૂકવાળી જગ્યાએ હાજર થતાં અગાઉ જો તેઓ સરકારી/અર્ધસરકારી નોકરીમાં હોય તો તેવી નોકરીમાંથી ફરજમુક્ત (Relieve)/રાજીનામું મંજૂર કરવામાં આવ્યું છે, તે મતલબનો હુકમ (Order)રજુ કરવાનો રહેશે.

૨૭. તેઓની નિમણૂક આવશ્યક તબીબી તપાસ, ચારિત્ર્ય અને પૂર્વવૃતાંત ચકાસણી અંગેની પોલીસ તપાસ તથા ગુજરાત જાહેર સેવા આયોગને રજુ કરાયેલા જાતિ, શૈક્ષણિક લાયકાત, જન્મ તારીખ, ગુજરાત બોર્ડ ઓફ આયુર્વેદ એન્ડ યુનાની સિસ્ટમ ઓફ મેડીસીન, ગુજરાત રાજ્ય ખાતે રજીસ્ટ્રેશન વગેરે અંગેના પ્રમાણપત્રોની ખરાઇને આધિન છે. આ મતલબની બાહેંધરી તેઓએ હાજર થતા પહેલા આપવાની રહેશે. હાજર કરનાર સક્ષમ અધિકારીને આથી સ્પષ્ટ સૂચના આપવામાં આવે છે કે, ઉમેદવાર પાસેથી સ્પષ્ટ બાહેંધરી પત્રક મેળવી નિયામકશ્રી,

આયુષ(આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની, સિદ્ધા અને હોમિયોપેથી)ની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલી આપવાનું રહેશે.

૨૮. આ ઉમેદવારો પૈકી જે ઉમેદવારોના કેસમાં સરકારની સેવામાં ચાલુ હોય અને તેમની સામે ખાતાકીય તપાસ તથા એ.સી.બી કેસ સહિતની ખાતાકીય તપાસ હાલ ચાલુ, સૂચિત કે પડતર હોય તો તેમની નિમણૂક બાદ તેમની સામેની ખાતાકીય તપાસ તથા એ.સી.બી. કેસના અંતે જે શિક્ષા થાય તે શિક્ષા તેઓને બંધનકર્તા રહેશે તે શરતે અજમાયશી નિમણૂંક આપવામાં આવે છે.

૨૯. ગુજરાત મુલ્કી સેવા (વર્ગીકરણ અને ભરતી)(સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમો ૮(૧-ક) અન્વયે સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૦૯/૦૬ ના ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક થી વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓ માટે દાખલ કરવામાં આવેલ જોગવાઇ તથા સા.વ.વિ.ના વખતોવખતના ઠરાવોની જોગવાઇ મૂજબ DOECCઅને CCC+ સમકક્ષ કોમ્પ્યુટર પરીક્ષાનો કોર્ષ ફરજિયાત બનાવેલ હોઇ ઉક્ત કોમ્પ્યુટર પરીક્ષા સંબધિત ઉમેદવારે અજમાયશી સમય દરમ્યાન અથવા સામાન્ય વહીવટ વિભાગ તરફથી વખતો વખત બહાર પાડવામાં આવતી સૂચનાઓને ધ્યાને લઇ અજમાયશી સમય દરમ્યાન નિયત થયેલ તારીખ સુધીમાં ફરજિયાત પાસ કરવાની રહેશે અને પાસ કર્યાના પુરાવા રૂપે ખાતાના વડાને તેની ફરજિયાત લેખિત જાણ કરવાની રહેશે. જો આ પરીક્ષા નિયત સમય મર્યાદામાં પાસ કરવામાં નહિ આવે તો સંબંધિત ઉમેદવારની સેવા આપોઆપ સમાપ્ત થવાને પાત્ર રહેશે.

૩૦. ઉપરોક્ત નિમણૂક મેળવતા ઉમેદવારોને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંક-નવન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી તથા તા.૨૭/૦૯/૨૦૦૬ ના પરિપત્ર ક્રમાંક-નવન-૨૦૦૬-જીઓઆઇ-૧૦-(પા.ફા)-પી ની જોગવાઇ પ્રમાણે તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના અને તે અંગેના વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં લાગુ પડનાર હુકમો લાગુ પડશે.

૩૧. ઉપરોક્ત તમામ ઉમેદવારો તેમના નિમણૂકના સ્થળે નિયત સમય મર્યાદામાં અચુક હાજર થાય, તેની ચકાસણી જે-તે સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ કરવાની રહેશે, અને જો કોઇ ઉમેદવાર નિમણૂકના સ્થળે હાજર થયેલ ન હોય તો તેની લેખિતમાં સત્વરે જાણ નિયામકશ્રી, આયુષની કચેરી મારફત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની છ-શાખાને કરવાની રહેશે. આ અંગે થયેલ ચૂકને ગંભીરતાથી લેવામાં આવશે.

૩૨. આકસ્મિક સંજોગોમાં કોઈ ઉમેદવારને આ અધિસૂચના ન મળે તો પણ જે-તે ઉમેદવારે આ વિભાગની વેબસાઈટ પરથી પ્રસ્તુત અધિસૂચના ડાઉનલોડ કરી નિયત સમયમર્યાદામાં ફરજ પર હાજર થવાનું રહેશે અને સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ હાજર કરવાના રહેશે.

ગુજરાતના નામ. રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ. ડી. ચૌધરી)
**ઉપ સચિવ**
**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

---------------------------------------------------------------

**મકમ/૧૦૨૦૧૯/GPSC-૧૦(પા.ફા.-૦૨)/છ**
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૯/૦૭/૨૦૧૯

**પ્રતિ,**

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧ , સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (આરોગ્ય) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦-એ, ગાંધીનગર(પત્ર દ્વારા)
- એ.જી કચેરી, અમદાવાદ, રાજકોટ.
- નિયામકશ્રી, આયુષ(આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની, સિદ્ધા અને હોમિયોપેથી)ની કચેરી,બ્લોક નં.૧/૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સંબંધિત આચાર્યશ્રી , સરકારી આયુર્વેદ કોલેજ (નિયામકશ્રી, આયુષની કચેરી મારફત)
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી(નિયામકશ્રી, આયુષની કચેરી મારફત)
- સંબંધિત ઉમેદવાર**(By RPAD)**
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.)
- **ના.સે.અ.શ્રીની સિલેક્ટ ફાઈલ-૨૦૧૯**
- **શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૧૯**

(એચ.આઇ.મહેતા)
**સેક્શન અધિકારી**
**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**